## વડીલોને વંદન અભિનંદન



ભીમજીભાઈ જે. પટેલ
(વઘાસીયા)
(૧૯૩૪)મો:૮૧૨૮૯૮૬૯૩૨

## મોડાસામાં પશુપાલન તાલીમ શિબિર યોજાઈ

મોડાસા, તા. ૨૫
અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બજકોત ગામે દેવરાજ મંદિરમાં ગુજરાત રાજ્યના પશુપાલન ખાતા અને સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા પશુપાલન તાલીમ શિબિર યોજાઈ હતી. જેમાં મોડાસા તાલુકાની ૩૦૦થી વધુ મહિલાઓએ લાભ લીધો હતો.

## કોલવડા પ્રાથમિક વિદ્યામંદિરને એકવીસ લાખનું માતબર દાન



ગાંધીનગર, તા.૨૫
કોલવડા કેળવણી મંડળ સંચાલિત નૂતન પ્રાથમિક શાળાના નામાધિકરણ માટે કોલવડા ગામના વતની સ્વ. શ્રી પ્રતાપસિંહજી ગોબરજી વાઘેલાના પરિવારે તેમના માતૃશ્રી ચંચળબાનું ઋણ ચૂકવવા માટે 'બા શ્રી ચંચળબા પ્રતાપસિંહજી વાઘેલા' પ્રાથમિક વિદ્યામંદિરના નામાધિકરણ માટે મનુભા પ્રતાપતસિંહજી વાઘેલા, જગતસિંહજી પ્રતાપસિંહજી વાઘેલા, દશરથસિંહજી પ્રતાપસિંહજી વાઘેલા, અર્જુનસિંહજી પ્રતાપસિંહજી વાઘેલા અને ઘનશ્યામસિંહજી પ્રતાપસિંહજી વાઘેલાએ રૂ. ૨૧,૦૦,૦૦૦ (એકવીસ લાખ)નું માતબર રકમનું દાન આપી પરિવારનું ગૌરવ વધારેલ છે. સમારંભમાં ઉપસ્થિત સે. ૨૩ સ્વામિનારાયણ મંદિરના શાસ્ત્રી સ્વામીશ્રી હરિપ્રિયદાસજીએ તેમનું સન્માન કરી આશીર્વાદ પાઠવ્યા હતા. કોલવડા કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓ, પ્રમુખ-મંત્રી તથા કારોબારી સભ્યોએ માતબર રકમનું પ્રેરણારૂપ દાન આપવા બદલ દાનવીર પરિવારનો આભાર માન્યો હતો.

# સાત વર્ષમાં ૧૦૮એ ૫૦ લાખ જીંદગીઓ બચાવી

ગાંધીનગર, તા. ૨૪
૧૦૮ ઈમરજન્સી રીસપોન્સ સર્વિસ તે ગુજરાત સરકાર અને જી.વી.કે. ઈ.એમ.આર.આઈ.નાં સંયુક્ત ઉપક્રમે પીપીપી મોડેલમાં કાર્યરત છે. ગુજરાતની જનતાને ૧૦૮ મેડિકલ, પોલીસ અને ફાયર ઈમરજન્સી સેવા બહુ જ સમયસર પુરી પાડે છે. બીજી તરફ ૧૦૮ ની ટીમ કોઈપણ કટોકટીની પળોમાં ગમે તેટલી ઈમરજન્સી સેવા ઝડપી અને ગુણવત્તા સાથે પુરી પાડવા તૈયાર રહે છે.

ગુજરાત સરકારનું આ પગલુ ૧૦૮ ઈમરજન્સી સેવાને ૭ વર્ષ કરતા પણ વધારે સમયથી ગુજરાતના નાગરીકોને મફત ઈમરજન્સી સેવાનો લાભ મળે છે. ૨૯ ઓગસ્ટ-૨૦૦૭ ના રોજ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૪ એમ્બ્યુલન્સથી આ સેવા ચાલુ કરવામાં આવી હતી. જેમાં અત્યારે ૫૫૦ કરતાં પણ વધારે અત્યાધુનિક એમબ્યુલન્સનો કાફલો ઉપલબ્ધ છે. આ સેવાએ વિશ્વ કક્ષાની આરોગ્ય સેવા ઉપરાંત ગુજરાતનો આઈએમઆર, એમએમઆર ઘટાડવા અને સંસ્થાકીય પ્રસુતિ વધારો કરવામાં સકારાત્મક ફાળો આપેલ છે. નવા વર્ષના આરંભે આપને ૧૦૮ ઈમરજન્સી રીસપોન્સ સર્વિસની સેવાથી આપણે બધા પરીચિત છીએ, ત્યારે આ સર્વિસ ગુજરાતના નાગરિકોના જીવનનો એક ભાગ બની ગઈ છે. ૧૦૮ ઈમરજન્સી રીસપોન્સ સર્વિસે અત્યાર સુધી ૫૦ લાખથી વધારે મેડિકલ, પોલીસ અને ફાયર ઈમરજન્સીને પ્રતિસાદ આપ્યો છે. મોટાભાગે રોડ અકસ્માત, પ્રસુતી સંબંધિત ઈમરજન્સી, હૃદયને લગતી અથવા શ્વાસ સંબંધિત ઈમરજન્સી અને આ સિવાય ઘણી મેડિકલ ઈમરજન્સી ૧૦૮ સેવાએ પુરી પાડી છે. આ સૌથી વધુ ઉપયોગમાં લેવાતી સાર્વજનિક સ્વાસ્થ્ય ઈમરજન્સી સેવા છે. આ ઉપરાંત જી.વી.કે. ઈ.એમ.આર.આઈ. સંસ્થા દ્વારા ખિલખિલાટ, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન અને આરોગ્ય સંજીવની જેવી સેવાઓ પણ ગુજરાતના લોકોને પુરી પાડવામાં આવી રહી છે.

જશવંત પ્રજાપતિ, ચીફ ઓપરેટીંગ ઓફીસર, જી.વી.કે.




ઈ.એમ.આર.આઈ- ગુજરાત જણાવ્યું કે "૫૦ લાખ ઈમરજન્સીનો આંકડો વટાવતા ઈમરજન્સી સેવાના તમામ સદસ્યો ગર્વ અનુભવે છે તથા વધુ ઉત્કૃષ્ટ સેવાઓ પુરી પાડી મહામુલા માનવ જીવન બચાવવા સૌની કટીબદ્ધતા વ્યક્ત કરતાં ગુજરાતનાં તમામ નાગરીકોને ૧૦૮ ઈમરજન્સી સેવાના સદઉપયોગ બદલ આભાર વ્યક્ત કર્યો છે.

## આજથી ભાજપાનું બુથ ચલો અભિયાન

ગાંધીનગર, તા. ૨૪
પ્રદેશ સંગઠન પર્વના ઈન્ચાર્જ શ્રી મનસુખભાઈ માડંવીયાએ જણાવ્યું હતું કે, પ્રદેશ ભાજપ દ્વારા આગામી સપ્તાહ તા. ૨૬ નવેમ્બરથી ૨ ડિસેમ્બર દરમ્યાન સંગઠન પર્વ અંતર્ગત સમગ્ર રાજ્યમાં મંડલ કક્ષાના વર્કશોપ યોજાશે. આ સપ્તાહ દરમ્યાન મંડલથી માંડીને પ્રદેશ સુધીના સંગઠનના હોદ્દેદારો પોતાના બુથમાં સદસ્ય બનશે અને સદસ્ય નોંધશે.

શ્રી માંડવીયાએ રાજ્યમાં સંગઠન પર્વની વિગતો આપતા જણાવ્યું હતું કે, પ્રદેશ ભાજપ દ્વારા તા. ૯ નવેમ્બરના રોજ પ્રદેશ કક્ષાની સંગઠન પર્વની કાર્યશિબિર યોજવામાં આવી હતી. તા. ૧૪ નવેમ્બરથી ૨૫ નવેમ્બર દરમ્યાન રાજ્યના તમામ જિલ્લા/મહાનગરકક્ષાની કાર્યશિબિરો યોજવામાં આવી હતી. આવતીકાલે ત્રીજા તબક્કામાં મંડલ કક્ષાના સંગઠન પર્વના વર્કશોપ યોજાશે. આ સપ્તાહ દરમ્યાન કોઈપણ ત્રણ દિવસ જે તે મંડલ વર્કશોપ યોજશે. સંગઠન પર્વના સૌથી મહત્વના આ તબક્કામાં મંડલના હોદ્દેદારો, મંડલમાં રહેતા જિલ્લા-પ્રદેશના હોદ્દેદારો, મંડલ પ્રભારીશ્રીઓ, તાલુકા-જિલ્લામાં રહેતા બોર્ડ-નિગમના ચેરમેન-વાઈસ ચેરમેન તથા ડિરેક્ટરશ્રીઓ, શક્તિ કેન્દ્રના પ્રમુખો, તાલુકા-જિલ્લા, ન.પા., મ.ન.પા.ની છેલ્લી ચૂંટણી લડેલા તમામ, સેલ-મોરચાના હોદ્દેદારો, શક્તિ કેન્દ્રના અને મંડલના સંગઠન પર્વના ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જ, બુથ સમિતિના પ્રમુખો વગેરેને સામેલ કરી તેઓને પ્રથમ દિવસે માહિતગાર કરાશે. જેઓ બીજા દિવસથી સભ્ય નોંધણીની ઝુંબેશમાં જોડાશે.

બુથ ચલો અભિયાન વિશે માહિતી આપતાં શ્રી માંડવીયાએ જણાવ્યું હતું કે તાલુકા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયતથી માંડીને ધારાસભ્યો અને સાંસદો તેમજ મંડલથી માંડીને પ્રદેશ સુધીના સંગઠનના હોદ્દેદારો પોતાના બુથમાં સભ્ય નોંધશે અને નોંધાશે. બુથમાં બુથ સમિતિ, પેજ પ્રમુખો સાથે બેઠક કરીને સભ્ય નોંધણીની ઝુંબેશ શરૂ કરશે. બુથમાં આવેલ જ્ઞાતિ, જાતિ, વર્ગ સમુદાય, વ્યક્તિ વિશેષ, ડૉક્ટર, વકીલ, શિક્ષક, મંદિરના પુંજારી, સહકારી મંડળી, નાગરિક બેંકના સભ્યો, યુવક મંડલો, સ્વામિવિવેકાનંદ કેન્દ્રના યુવાનો, દુકાનદારો, લારીના ફેરિયાઓ વિગેરેની પ્રાથમિક સભ્ય તરીકે નોંધણી કરશે.

## ગાંધીનગર જિલ્લામાં ડિસેમ્બરમાં રવિ કૃષિ મહોત્સવ યોજાશે

**પ્રથમ તબક્કામાં દહેગામ અને ગાંધીનગર તાલુકામાં રવિ કૃષિ મહોત્સવ યોજાશે અને બીજા તબક્કામાં કલોલ અને માણસા તાલુકામાં યોજાશે**

ગાંધીનગર, તા.૨૫
રાજયના ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા આશયથી ડિસેમ્બર, ૨૦૧૪માં સમગ્ર રાજયમાં રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૪નું આયોજન કરવામાં આવશે. જે અંતર્ગત આજરોજ રવિ કૃષિ મહોત્સવના સુચારું આયોજન અર્થે જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક જિલ્લા કલેકટર શ્રી રવિશંકરના અધ્યક્ષ સ્થાને મળી હતી. ગાંધીનગર જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવ તાલુકાવાર યોજાશે.

રવિ કૃષિ મહોત્સવ સમગ્ર રાજય સહિત ગાંધીનગર જિલ્લામાં બે તબક્કામાં યોજાનાર છે. જેમાં -થમ તબક્કો તા. ૧૧ થી ૧૪મી ડિસેમ્બર,૨૦૧૪ દરમ્યાન અને બીજો તબક્કો તા. ૧૮ થી ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૪ દરમ્યાન યોજાનાર છે. ગાંધીનગર જિલ્લામાં -થમ તબક્કામાં તા. ૧૧મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ દહેગામ તાલુકાનો અને તા. ૧૨મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ ગાંધીનગર તાલુકાનો રવિ કૃષિ મહોત્સવ યોજાનાર છે. તેમજ તા. ૧૮મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ કલોલ તાલુકાનો અને તા. ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ માણસા તાલુકાનો રવિ કૃષિ મહોત્સવ યોજાશે.

તાલુકાવાર યોજાનાર રવિ કૃષિ મહોત્સવ સમગ્ર દિવસનો કાર્યક્રમ છે. જેમાં સવારના ૯ થી ૧૦ કલાક દરમ્યાન રજિસ્ટ્રેશન, દીપ -ગટ્ય અને ઉદ્દઘાટન સમારંભ યોજાશે. ત્યાર બાદ કૃષિ, બાગાયત અને પશુપાલન વિષયક સેમિનાર, સ્થાનિક -ગતિશીલ ખેડૂતોના વિષયોક્ત અનુભવોનું આદાન--દાન, કિસાન ગોષ્ઠી, પદાધિકારીઓનું -વચન અને ખેડૂતોને ચેક-વર્ક ઓર્ડરનું વિતરણ મહાનુભાવો દ્વારા કરવામાં આવશે. કૃષિ, બાગાયત અને પશુપાલન વિષયક સેમિનારમાં વૈજ્ઞાનિક અને વિષય તજજ્ઞ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ દરમ્યાન ખેડૂતો સંલગ્ન જાહેર કરેલ યોજનાઓ, આઈ.કિસાન પોર્ટલ તથા ખાતાની સહાયલક્ષી યોજનાઓની પણ વિસ્તૃત માહિતી આપવામાં આવશે. તેમજ સોઈલ હેલ્થ કાર્ડ, ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ, ડ્રીપ ઈરીગેશન, સજીવ ખેતી ટકાઉ ખેતી, ઈન્ટીગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટ જેવા વિષયો અંગેની પણ માહિતી આપવામાં આવશે.

રવિ કૃષિ મહોત્સવ દરમ્યાન સહકાર વિભાગ અને બેન્કો દ્વારા જે ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ મળ્યા બાદ લોન મંજુર થયેલ હોય તેવા ખેડૂતોને લોન મંજુરીના હુકમો અને ગુજરાત રાજય જમીન વિકાસ

# પાલનપુર પોલીસના રાજમાં મંદિરો પણ બન્યા અસલામત

**પાલનપુરના ધારંબામાતાના મંદિરમાં ચોરી-દાનપેટીમાં ચોરી કરતા તસ્કરો સીસીટીવી કેમેરામાં થયા કેદ**

પાલનપુર, તા. ૨૫
પાલનપુરમાં ઠંડીના ચમકારા સાથે જ તસ્કરો પણ સતેજ બન્યા છે. પાલનપુરમાં બંધ મકાનોને નિશાન બનાવતા તસ્કરો હવે ભગવાનને પણ છોડતા નથી. પાલનપુર પોલીસના રાજમાં હવે મંદિરો પણ અસલામત બન્યા હોવાની પ્રતીતી કરાવતી ઘટના સામે આવી છે. જેમાં પાલનપુરના માનસરોવર રોડ પર આવેલ શ્રીધારંબા માતાજીના મંદિરમાં ગત મોડી રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. જેઓ માતાજીની દાનપેટીને નીચેના ભાગેથી તોડી હતી. દાનપેટીમાં રહેલી રકમ લઈ તસ્કરો પલાયન થઈ ગયા હતા.




(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની ખાડે ગયેલી પરિસ્થિતિ વચ્ચે માત્ર ટ્રાફિક ઝુંબેશ પર ફોક્સ કરનારી પોલીસના રાજમાં દારૂ, જુગાર અને ક્રિકેટના સટ્ટાની હાટડીઓ ખુલ્લેઆમ ધમધમી રહી હોવાની બુમરાણ મચી છે. ત્યારે ટ્રાફિક ઝુંબેશ સિવાયની અન્ય કામગીરી પરત્વે અનદેખી કરનાર પાલનપુર પોલીસની નિષ્ક્રિયતાને પગલે અસામાજીક તત્વોને પણ મોકળુ મેદાન મળી રહ્યું છે. જેના પગલે શહેરમાં ચોરી-ચકારીની ઘટનાઓ વધતી જવા પામી છે. જેમાં ગતરોજ પાલનપુરના ધારંબામાતાના મંદિરમાં પણ તસ્કરો ત્રાટક્યા હતા. જેઓએ મંદિરની દાનપેટી તોડી ચોરી કરી હતી. જોકે, દાનપેટીમાંથી અંદાજે રૂ. પાંચેક હજારની ચોરી થઈ હોવાનું પ્રાથમિક અનુમાન વ્યક્ત થઈ રહ્યું હોવાનું મંદિરના પુજારી ભરતભાઈ શાસ્ત્રીએ જણાવ્યું હતું. વળી, આ તસ્કરો ચોરી કરતા મંદિરના સીસીટીવી ના કેમેરામાં કેદ થઈ ગયા હોવાનું મંદિરના પુજારીએ જણાવ્યું હતું. જો કે, આ રોડ પર ખુલ્લેઆમ ચાલતા દારૂના અડ્ડા ચલાવતા બુટલેગરને સંરક્ષણ આપતી પાલનપુર શહેર પોલીસના રાજમાં હવે ભગવાનના મંદિરો પણ સલામત રહ્યા નથી તેવા ગણગણાટ વચ્ચે ભાવિક ભક્તોએ પોલીસ સામે ફીટકારની લાગણી વરસાવી છે.

# પાલનપુર તાલુકા પોલીસના જાપ્તામાં રહેલા આરોપીના મોતથી ચકચાર

**ભાગળ(જ) ગામમાં ચોખાના વેપારમાં રોકાણ કરી આકર્ષક વળતર મેળવવાની લાલચ આપી કરાઈ હતી રૂ. ૬૧ લાખની છેતરપીંડી**

ગાંધીનગર, તા. ૨૫
પાલનપુર તાલુકાના ભાગળ(જગાણા) ગામમાં ચોખાના વેપારમાં રોકાણ કરી આકર્ષક વળતર મેળવવાની લાલચ આપી રૂ. ૬૧ લાખનું ઉઘરાણું કરાયું હતું. જે કેસના આરોપીઓને પુછપરછ માટે મુંબઈથી પાલનપુર લવાયા હતા. જ્યાં પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ જાપ્તામાં રહેલા એક આધેડ વયના આરોપીનું મોત નીપજતા પોલીસતંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

પાલનાપુર તાલુકાના ભાગણ (જગાણા) ગામમાં ચોખાના વેપાર માટે આકર્ષક વળતર આપવાની લાલચ આપી લાખો રૂપિયાનું ઉઘરાણું કરી લોકો સાથે છેતરપીંડી આચરવામાં આવી હતી. જે અંગે મામલો પોલીસ થાણે પહોંચતા ભાગળના નજીરભાઈ દાઉદભાઈ મરેડીયાના પરીવાજનો સહીત પાંચ લોકો સામે છેતરપીંડીની ફરીયાદ નોંધાઈ હતી. જે કેસના ત્રણ આરોપીઓને ગત રાત્રે પાલનપુર તાલુકા પોલીસે મુંબઈથી પાલનપુર લાવ્યા હતા. જ્યાં પોલીસ જપાતામાં મોડી રાત્રે મુખ્ય આરોપીનું મોત નીપજ્યું હતું.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પોલીસનું માનીએ તો, સીસીટીવી કેમેરાની સામે બાંકડા પર તેમના બે આરોપી પુત્રો સાથે બેઠેલા મુખ્ય આરોપી નજીરભાઈ દાઉદભાઈ મરેડીયા નમાઝ પઢવા માટે ફ્રેશ થવા જતા હતા ત્યારે તેઓને છાતીમાં દુ:ખાવો ઉપડતા અચાનક ઢળી પડ્યા હતા. જેઓને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના તબીબે તેઓને મૃત્યુ જાહેર કર્યા હતા. દરમિયાન ઘટનાની જાણ થતા મૃતકના સ્વજનો સહીત લઘુમતી સમુદાયના લોકો સિવિલ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. જો કે, પોલીસ જાપ્તામાં રહેલા આધેડવયના આરોપીના મોતનું સાચુ રહસ્ય તો હવે પી.એમ. રીપોર્ટ બાદ જ બહાર આવશે.

## મેનેજર રિમાન્ડ પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

એસ.ટી.કામદારોની ધિરાણ અને સહકારી મંડળીમાંથી મેનેજર પેથાપુરના રહેવાસી પ્રકાશ બાલાસરા, સરગાસણના રહેવાસી ચેરમેન નવલસિંહ રાણા અને ચંદ્રાલાના રહેવાસી મંડળીના કલાર્ક ગિરીશ પટેલ ત્રણેયે મળીને રૂ. ૩.૭૨ કરોડની ઉચાપત કરી હોવાની ફરિયાદ સે-૭ પોલીસ મથકમાં નોંધાવા પામી હતી. મંડળીના હિસાબી રેકર્ડમાં ચેકચાક કરી ખોટા પુરાવા ઉભા કરીને મંડળીના સભ્યો આગળ સાચા હોવાનું દર્શાવી રૂ. ૩.૪૨ કરોડની ઉચાપત પોતાના અંગત સ્વાર્થ અને ઉપયોગ માટે કરીને વિશ્વાસઘાત કર્યો હોવાના ગુના હેઠળ નાસતા ફરતા ત્રણેય આરોપીઓને ભાગેડુ જાહેર કરે તે પહેલા તે પૈકીનો એક આરોપી મેનેજર પ્રકાશ બાલાસરાની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતાં પાંચ દિવસના રિમાન્ડ પર છે. રિમાન્ડમાં ચોંકાવનારી હકીકતો બહાર નિકળે તેવી શકયતા છે. પોલીસે અન્ય બે આરોપીઓની શોધખોળ શરુ કરી છે. આ કૌભાંડમાં ૯૦૦ ડ્રાઈવર કંડકટરોના પૈસા ડુબ્યા હોવાનું જાણવા મળ્યું છે.


## સેફ્ટી રામ ભરોસે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને મુંબઈ બજારના પંડાલોમાં ફાયર સેફ્ટીની કહેવા પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થા પુરતી અને ધારાધોરણો પ્રમાણે યોગ્ય છે કે નહી તે અંગે ચીફ ફાયર ઓફિસરનો કોઈ જ અભિપ્રાય લેવાયો નથી તેવું ચીફ ફાયર ઓફિસરે વાતચીતમાં જણાવ્યું હતું. આ ઉપરાંત આ પંડાલોમાં આગ જેવી આપત્તિના સમયે બહાર નીકળવાના વૈકલ્પિક માર્ગની વ્યવસ્થામાં પણ ઉણપ જણાઈ છે.

લગભગ એકાદ માસથી ચાલી રહેલા આ પંડાલોમાં ફાયર સેફ્ટીની સુવિધા બાબતે આ પ્રકારના આંખ મિચામણા ક્યારેક મોટા અકસ્માત સમયે લોકોના જીવને જોખમમાં મુકી શકે છે. આ પ્રકારના હંગામીં ડાલોમાં પુરતી ફાયર સેફ્ટીની સુવિધા અને આપત્તિ સમયે ઉપયોગમાં લેવાય તેવા બહાર નીકળવાના વૈકલ્પિક માર્ગ કે દરવાજા અંગે પણ બેદરકારી સેવાઈ રહી છે તે અંગે તાકીદે પગલા લેવાય તે જરૂરી છે.

## શબ્દાવલી - ૫૫૭૧



**આડી ચાવી**

૧. શ્રૃંગાર (૪)
૫. આસક્તિ વિનાનું (૪)
૬. ઊંચે લગો ઊંચી પસંદ... ની જાહેરાતમાં આવે છે (૫)
૮. ચબરાક હોય તેવો ગુણ(૪)
૧૦. ફણગો, ઉગતુ પાંદડું (૩)
૧૨. માથામાં જૂ... ટોલા વગેરે (૨)
૧૪. માદક હોવું તે (૪)
૧૫. જનરલને અંગ્રેજીમાં... કહેવાય (૩)
૧૬. ઘણા નાસ્તિકો પણ મુશ્કેલીમાં ભગવાનને... લાગે છે (૩)
૧૭. આકાશ (૨)
૧૮. આધાર (૩)

**ઊભી ચાવી**

૧. લજ્જાળુ (૪)
૨. ગીત ગાનાર (૩)
૩. ગાય મારે શીંગડા ગધેડુ મારે... (૨)
૪. પોતાનું, પર્સનલ (૩)
૫. 'વીપદ' શબ્દ આડોઅવળો (૩)
૭. ચંચળ હોવું તે (૪)
૯. શીખવાડવું તે, ... આપવી (૩)
૧૦. સોનુ, સુવર્ણ (૩)
૧૧. ભાતભાતના ભોજન (૪)
૧૩. રણકાર, જનકાર (૪)
૧૪. છોકરીને વિદાય વખતે મિઠાઇ ભરીને અપાતું પાત્ર (૩)
૧૫. દાળમાં નંખાતુ એક ખાટું ફળ (૩)

**શબ્દાવલી ૫૫૭૦ના જવાબ**

**આડી ચાવી :-** (૧) હાલકડોલક (૬) લીલવા (૭) મહેક (૮) કાયર (૧૦) કારતક (૧૧) ઇમાન (૧૪) મજા (૧૬) લયબદ્ધ (૧૭) વામ (૧૮) નાદાન (૧૯) મારગ (૨૦) થર (૨૧) શ્યામલી

**ઊભી ચાવી :-** (૧) હાતીમતાઇ (૨) ડોલી (૩) લલકાર (૪) કવાયત (૫) ટકો (૯) રકમવાર (૧૨) માલદાર (૧૩) નયન (૧૫) જામગરી (૧૮) નાથ (૧૯) માળી

## કાવ્ય મુદ્રા દ્વારા પહેલીથી ત્રિદિવસિય કાવ્ય યજ્ઞ ઉજવાશે

આપણા દેશ પાસે નરસિંહ મહેતા, તુલસીદાસ, કબીર, કાલિદાસ, ટાગોર, ગાલિબ, મેઘાણી જેવા કવિઓનો ભવ્ય ઈતિહાસ છે. આપણી ભાષામાં વિપુલ પ્રમાણમાં આવું સાહિત્ય, સાહિત્યકારો અને તેમનો ઉત્તમ વારસો છે. 'કાવ્ય મુદ્રા' આ વારસાને જાળવવા અને જીવંત રાખવા માંગે છે.

કાવ્ય મુદ્રાનો એક માત્ર પ્રયાસ વિના શબ્દને એના સૂરને ભાવકો સુધી પહોંચાડવાનો છે. આ સ્વયંથી સહુ સુધીનો શબ્દનાદ વાસ્તવમાં સૌને જોડનાર શબ્દ સૂર અને સંવાદ છે.

આ સંસ્થા તારીખ ૧, ૨ અને ૩ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ આ કાવ્ય યજ્ઞ ઉજવશે. આ ત્રણ દિવસના અનેરા કાવ્યોત્સવમાં સાહિત્યકારો, સાહિત્યરસિકો અને ભાવકો માટે ભાવભર્યું આમંત્રણ છે.

સોમવારના પહેલી ડિસેમ્બરના રોજ સાજે ૮.૩૦ વાગે, પ્રથમ દિવસે ચાર નિવડેલાં કવિઓ એમનો કાવ્યપાઠ કરશે જેમાં કવિ વિનોદ જોશી, હિતેન આનંદપરા, મકરંદ મૂસળે અને મુકેશ જોશી પઠન કરશે. મંગળવારના રોજ બીજા દિવસે હિન્દીના પ્રખ્યાત ગીત કવિ શ્રી બુધ્ધિનાથ મિશ્ર અને ઈન્દોરથી ઉર્દૂના પ્રખ્યાત શાયર ડો. રાહત ઈન્દોરી દ્વારા ગઝલની રજુઆત થશે અને બુધવારના રોજ ત્રીજા દિવસે આજના પ્રખ્યાત ગાયક શ્રી ઓસમાન મીર દ્વારા સૂર અને સંગીત રજુ કરવામાં આવશે. આ કાર્યક્રમ દરરોજ સાંજે ૮.૩૦ વાગે અમૃત મોદી સ્કુલ ઓફ મેનેજમેન્ટ, આઈઆઈએમ સામે યોજવામાં આવ્યો છે.

'કાવ્ય મુદ્રા' નવા કવિઓ અને લેખકોને જોડે છે અને સાથે સાથે આ રીતે સાહિત્યિક વારસો જાળવવાનો પ્રયત્ન કરે છે. સંગીત પણ આપણા જીવનનો એક ખુબ જ અગત્યનો ભાગ હોઈ શકે છે. કવિતાનાં શબ્દોને જયારે સંગીત મળે છે ત્યારે અભિવ્યકિતના નવા બારણાં ખુલે છે અને એટલે જ આ રીતે પણ કવિતાને માણવી એ પણ 'કાવ્ય મુદ્રા'નો એક સંનિષ્ઠ પ્રયાસ છે.

**સંસ્થા સંકુલ ખાતે મેઈન્ટેનન્સ કામગીરી બાબત**

**ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન**
(ગુજરાત સરકારની સંસ્થા)
ઘ-૪ પાસે, સેક્ટર-૧૨, ગાંધીનગર - ૩૮૨૦૧૬
ફોન : ૨૩૨૨૩૪૪૯, ફેક્સ : ૨૩૨૨૧૫૯૮, Email : info@rtigujarat.org

Vibrant GUJARAT 2015 11-13 Jan.

સંસ્થા સંકુલ ખાતે વાર્ષિક ધોરણે ઈલેક્ટ્રીક / પ્લમ્બીંગ / સુથારી કામ મેઈન્ટેનન્સ (લેબર વર્ક)ની કામગીરી માટે આ કામના નિયત ધોરણો મુજબ અનુભવ ધરાવતી એજન્સી / ઠેકેદારો પાસેથી નીચેની વિગતે ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ સંસ્થાની વડી કચેરી ખાતેથી રૂ. ૧૦૦૦/- ટેન્ડર ફી જમા કરાવ્યેથી તા. ૨૪/૧૧/૨૦૧૪થી ૮/૧૨/૨૦૧૪ સુધીમાં કામકાજના દિવસો દરમિયાન ૧૬.૩૦ કલાક સુધી મેળવી ભરેલ ટેન્ડર ફોર્મ તા. ૧૫/૧૨/૨૦૧૪, ૧૭.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે રજી. પોસ્ટ / કુરિયર મારફત મોકલી આપવાના રહેશે.

માહિતી/૧૭૬૩/૨૦૧૪-૧૫ નિયામક

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા**
**ગાંધીનગર જિલ્લા પંચાયત, મા. અને મ. વિભાગ**
**જાહેર નિવિદા નં.૭ / ૨૦૧૪-૧૫**

કાર્યપાલક ઈજનેરશ્રી, મા. મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર - ૩૮૨૦૧૬, (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે ઓનલાઈન ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના કામની સામે જણાવેલ રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http:/rnb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની અને ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા. ૧૯/૧૨/૨૦૧૪<br>સમય : ૧૮.૧૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.) | તા. ૨૯/૧૨/૨૦૧૪ |
| ટેન્ડર ઓપની ઓનલાઈન | તા. ૨૯/૧૨/૨૦૧૪<br>સમય : ૧૨.૩૦ કલાકે |

| ક્રમ | કામનું નામ | (૧) કામની અંદાજી રકમ રૂ.<br>(૨) બાનાની રકમ રૂ.<br>(૩) ટેન્ડર ફી રૂ.<br>(૪) શ્રેણી |
|---|---|---|
| ૧. | ઈમ્પ્રુ. ઓફ રૂરલ રોડ અન્ડર એસસીએસપી ઈન ગાંધીનગર-માણસા / તાલુકો પેકેજ નં. / ગાંધી/એસસીએસપી/ગાંધી/૧/૧૪-૧૫ | ૧. રૂ. ૧૧૦૭૪૯૨૨.૯૪<br>૨. રૂ. ૧૧૦૭૫૦.૦૦<br>૩. રૂ. ૩૬૦૦.૦૦<br>૪. સી-વર્ગ સ્પે. રોડ કેટેગરી-III |
| ૨. | ઈમ્પ્રુ. એન્ડ સ્ટ્રેન્ધનીંગ ઓફ વેરીયર્સ રોડ અન્ડર એસસીએસપી ઈન કલોલ તાલુકો પેકેજ નં. - કલોલ/એસસીએસપી/૦૨/૧૪-૧૫ | ૧. રૂ. ૨૦૮૨૧૦૯૯.૭૧<br>૨. રૂ. ૨૦૮૨૨૦.૦૦<br>૩. રૂ. ૩૬૦૦.૦૦<br>૪. બી-વર્ગ સ્પે. રોડ કેટેગરી-III |
| ૩. | ઈમ્પ્રુ. એન્ડ સ્ટ્રેન્ધનીંગ ઓફ વેરીયર્સ રોડ અન્ડર ઓડબલ્યુઆર ઈન કલોલ તાલુકો પેકેજ નં. કલોલ/ઓડબલ્યુઆર/૦૧/૨૦૧૪-૧૫ | ૧. રૂ. ૧૦૨૫૯૦૮૨.૪૨<br>૨. રૂ. ૧૦૨૬૦૦.૦૦<br>૩. રૂ. ૩૬૦૦.૦૦<br>૪. સી-વર્ગ સ્પે. રોડ કેટેગરી-III |
| ૩. | ઈમ્પ્રુ. એન્ડ સ્ટ્રેન્ધનીંગ ઓફ વેરીયર્સ રોડ અન્ડર ઓડબલ્યુઆર ઈન માણસા તાલુકો | ૧. રૂ. ૨૭૮૬૪૮૩૨.૪૨<br>૨. રૂ. ૨૭૮૬૫૦.૦૦<br>૩. રૂ. ૩૬૦૦.૦૦<br>૪. બી-વર્ગ સ્પે. રોડ કેટેગરી-III |

માહિતી/૧૭૫૯/૨૦૧૪-૧૫